# રાજુ અને મોતી

– શૈલેષ કે. રાયચુરા

એક સુંદર મઝાનું ગામ હતું. તે ગામ ખૂબ જ સમૃદ્ધ અને સુખી હતું.

તે ગામમાં રાજુ તેના માતા–પિતા સાથે રહેતો હતો. રાજુએ એક નાનો આલ્શેશિયન કૂતરો પાળ્યો હતો અને તેણે તેનું નામ મોતી રાખ્યું હતું.

મોતી ખૂબ જ વફાદાર હતો. ગામ આખામાં તે ફરતો ઘૂમતો પરંતુ કોઈને કશું નુકસાન કરતો નહીં. રાજુ તેને નહાવા માટે નદીએ લઈ જતો. સરસ મઝાનું ખાવાનું આપતો.

એક દિવસની વાત છે. શિયાળાની ઠંડી ઋતુ હતી. ચો–તરફ અંધકારનો ઓછાયો પૃથ્વી પર છવાઈ ગયો હતો. આકાશમાં તારલાઓ ટમટમી રહ્યાં હતા. ઠંડી ખૂબ જ પડતી હતી. બરોબર રાત્રીના બારના સમયે કેટલાક બદમાશો ગામ લુંટવા માટે આવી ચડયાં. મોતીને અચાનક કશી ગંધ આવી અને તે જોરથી ભસવા લાગ્યો. પરંતુ ઠંડીની મોસમ હોવાથી બધા ઘરમાં ભરાઈ રહ્યાં હતા. તેઓને કલ્પના પણ ક્યાંથી હોય કે કેટલાક બદમાશો ગામને લૂંટવા આવશે !

બદમાશો ધીરે ધીરે અને એકદમ ચૂપકીદીથી શ્રીમંત ઘરોમાં લુંટ કરવા લાગ્યાં અને લૂંટીને અંધકારમાં ઓગળી ગયા.

સવારનો સૂર્યોદય થતા ગામ આખામાં હાહાકાર મચી ગયો. લોકોનું વિશાળ ટોળું પોલીસ સ્ટેશને ગયું. ફરિયાદ લખાવી. પોલીસે સ્થળ ઉપર આવી તપાસ કરી અને પુરાવા એકઠા કર્યા. અનેક દિવસો વીતી ગયા. પરિણામ શૂન્ય.

ઉપરોક્ત બનાવ બન્યાથી રાજુ ખૂબ જ દુઃખી દુઃખી થઈ ઊઠયો. આવુ સુંદર મઝાનું ગામ કે જ્યાં આગળ દરેક વ્યક્તિઓ એકસંપ, સ્નેહ, સહકાર અને ભાઈચારાથી તથા શાંતિથી રહેતા હતા. ત્યાં આગળ અચાનક આવી ખાના ખરાબી, લૂંટ અશાંતિની આગ ફેલાઈ ગઈ હતી. ગામ આખું સ્તબ્ધ તેમજ દુઃખી દુઃખી થઈ ઊઠયું હતું.

રાજુએ મનમાં નિશ્ચય કર્યો કે આ લુંટારુ ટોળકીને કોઈપણ હિસાબે પકડવી તો પડશે જ ! નહીં તો તે બીજી વખત પણ લૂંટ કરવા નહીં જ આવે તેની ખાત્રી શું ?

એક દિવસ રાજુ અને મોતી ફરતાં ફરતાં જંગલ તરફ જઈ ચડયા. અચાનક તેમની નજરે એક ખંડિયેર જેવું મકાન ચડયું. જીજ્ઞાસા તથા કુતૂહલપૂર્વક તેઓ બન્ને દબાતાં પગલે તે ખંડિયેર મકાન પાસે પહોંચ્યા. અચાનક ખંડિયેર જેવા મકાનમાંથી કોઈના બોલવાનો અવાજ આવ્યો. રાજુ અને મોતી બન્ને ચમકી ઊઠયા. આવા ગીચ અને અવાવરું જંગલમાં ખંડિયેરમાં તે વળી કોણ હશે ?

હા, જે ખંડિયેર જેવું મકાન આવેલ હતું તે બદમાશોનું રહેઠાણ હતું. બદમાશોને સ્વપ્નેય કલ્પના નહીં હોય કે આવા નિર્જન અને ગાઢ જંગલમાં તેમજ અવાવરું ખંડિયેર તરફ કોઈ આવી ચડશે ! તેઓ બધા દિવાના આછા અને પીળાં પ્રકાશમાં મોજ—મસ્તીથી પત્તા રમી રહ્યાં હતા. રાજુ એક તરફ ઊભો રહી જોઈ રહ્યો હતો. રાજુના મગજમાં આખી વાત ઉતરી ગઈ હતી. હા, થોડા દિવસ પહેલા ગામમાં બદમાશોએ જે લૂંટ કરી હતી તે નક્કી આજ બદમાશો હોવા જોઈએ ! અચાનક તે દબાતા પગલે મોતીને લઈ પાછો ગામ તરફ આવ્યો અને સીધો પોલિસ સ્ટેશને ગયો અને જઈને ઈન્સ્પેક્ટર સાહેબને સઘળી વાત કરી. આ સાંભળી ઈન્સપેક્ટર રાઠોડ સાહેબ ચોંકી ઊઠયા. ત્યારબાદ રાજુની પીઠ થાબડતા બોલ્યાં. શાબાશ છોકરા શાબાશ ! ચાલ જીપમાં બેસીને અમોને તે સ્થળ અને રસ્તો બતાવ. ત્યાર પછી ઇન્સ્પેક્ટર રાઠોડ સાહેબે કેટલાક કોન્સ્ટેબલોને લઈ જીપને જંગલના રસ્તે મારી મૂકી. રાજુ રસ્તો દેખાડતો હતો. મોતી તેની બાજુમાં જ કાન ઊભા કરી બેઠો હતો. તે પણ આ સાહસનો ભાગીદાર થવા માંગતો હતો.



ખંડિયેરથી થોડે દૂર ઇન્સ્પેક્ટર સાહેબે જીપ ઊભી રખાવી જેથી જીપના અવાજથી બદમાશો ચેતી ન જાય. રાજુ અને મોતી રસ્તો દેખાડતાં ગયા તેમની પાછળ પાછળ ઇન્સ્પેક્ટર રાઠોડસાહેબ તેમજ તેમના પોલિસ કોન્સ્ટેબલો આવી રહ્યાં હતા.

બદમાશો આરામથી અને બેફિકર બની મોજમસ્તીથી રમી રહ્યા હતા. તેઓને કશો ભય કે ગભરાટ બિલકુલ નહોતો. તેઓ તો એમ જ સમજતા હતા કે આવા વિકરાળ અને ભયાનક જંગલોમાં તે વળી આવવાળું કોણ નવરું હતું ?

ઇન્સ્પેક્ટર તથા તેના કોન્સ્ટેબલોએ તે ખંડિયેરને ચારે તરફથી ઘેરી લીધું. ત્યારબાદ ઇન્સ્પેક્ટર રાઠોડસાહેબ પહાડી સ્વરે ગર્જી ઊઠયા. ખબરદાર બદમાશો, જો કોઈ પણ અહીંથી ભાગ્યા છે તો ? તમે બધા અમારા શરણે આવી જાવ તો !

બીજું તમે બધા ચારે તરફથી ઘેરાઈ ચૂક્યા છો ! અચાનક પહાડી અવાજ સાંભળી, બદમાશો નાસભાગ કરવા લાગ્યા. અંતે ધીંગાણા બાદ ઇન્સ્પેક્ટર રાઠોડ સાહેબે બદમાશોનાં હાથમાં હાથકડી પહેરાવી દીધી. ત્યારબાદ બધાને જેલ ભેગા કરવામાં આવ્યા.

જ્યારે ગામ લોકોએ રાજુ અને મોતીની આ ઘટના જાણી ત્યારે તેઓ બધા ખૂબ જ ખુશ થયા. અને રાજુને શાબાશી આપવા લાગ્યાં.

■